બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ-૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮)

## (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, દસમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૬)

**પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઈપણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ, ૩ થી વધુ ગુણ ન આપવા. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

૧. ઉપાસનાનું મહત્વ :- (૧/૨)

**પ્રમાણ-૧** : કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે ઈત્યાદિક અનંત પ્રકારની મોટપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. **(વચ. ગ. પ્ર. ૫૬)**

**પ્રમાણ-૨** : ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઈચ્છવું તે કેમ છે તો, જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ. તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય અને નિર્બીજ એવા જે સાંખ્ય અને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી; માટે એ વાર્તા ખોટી છે. **(વચ. ગ. અં. ૩૬)**

**પ્રમાણ-૩** : મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંતમયે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી. **(વચ. ગ. પ્ર. ૬૧)**

**પ્રમાણ-૪** : ઉપાસનાથી મોક્ષ છે; ધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા કાંઈ મોક્ષ કરે તેમ નથી. **(સ્વા. વા. ૫/૧૩૬)**

**પ્રમાણ-૫** : આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજાં સાધનમાંથી લડથડે પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ. **(સ્વા. વા. ૫/૭૦)**

**પ્રમાણ-૬** : ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ એમ સમજે જે દેહ પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું એમ સમજીને સુખિયો રહે. **(સ્વા. વા. ૧/૫૬)**

૨. **ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ** (૩/૨૪)

**પ્રમાણ - ૧ :** તે ભગવાનને વિષે જે અલ્પમતિ વાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, અને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, ને ભગવાનને ઈર્ષાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષાવાન થઈ જાય છે. એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે, તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. **(વચ. ગ. પ્ર. ૨૪)**

**પ્રમાણ - ૨ :** માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમ ભાવને જાણ્યા વિના ભગવાનને વિષે પોતાના જેવા મનુષ્યના ભાવ પરઠે છે, તે મનુષ્યભાવ તે શું ? તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈત્યાદિક અંતઃકરણના ભાવ છે તથા હાડ, ચામ, મળ, મૂત્રાદિક તથા જન્મ-મરણ, બાળ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ છે. ઈત્યાદિક જે મનુષ્યભાવ તે સર્વે ભાવને ભગવાનને વિષે પરઠે છે માટે એવા ભાવનો પરઠનારો જે હોય તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે, તો પણ તેનો નિશ્ચય કાચો છે. અને એ જરૂર સત્સંગમાંથી પડશે.... જ્યારે ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતે વાતે ધોખો થાય ને ગુણ - અવગુણ લીધા કરે જે, આની કોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને બોલાવતા નથી અને આની ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી. એવી રીતે ગુણ અવગુણ પરઠ્યા કરે તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછુ પડીને અંતે તે વિમુખ થાય છે. **(વચ. લો. ૧૮)**

**પ્રમાણ - ૩ :** ભક્તને જો ક્યારેક અસત્ દેશ, અસત, કાળ, અસત્ સંગને અસત્ શાસ્ત્રાદિકને યોગે કરીને અથવા દેહાભિમાને કરીને ભગવાનના ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્રમા જેવો હતો, પણ પાછો અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે. માટે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ્ય હોય તે એ જીવને ઝાઝી નડતી નથી, પણ

પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. જેમ વૃક્ષનાં મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સૂકાઈ જાય, તેમ જેને ભગવાનને વિષે દોષબુદ્ધિ થઈ એ જીવ કોઈ રીતે વિમુખ થયા વિના રહે નહિ. **(વચ. વર. ૧૨)**

**પ્રમાણ - ૪ :** એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો. **(વચ. ગ.મ. ૫૩)**

**પ્રમાણ - ૫ :** ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુર્તક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય. **(વચ. લોયા -૪)**

**પ્રમાણ - ૬ :** ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય. **(સ્વા. વા. ૫-૧૧૬)**

**પ્રમાણ - ૭ :** ભગવાનને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે. **(વચ. ગ.મ. ૫૩)**

**પ્રમાણ - ૮ :** એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી, એને તો એકાંતિક ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. તે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવે ત્યારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો..... પંચમહાપાપ થકી પણ ભગવાનને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે. **(વચ. ગ.મ.૪૬)**

**પ્રમાણ - ૯ :** જો મોટાપુરૂષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તો પણ અતિશય કામી થાય અને મોટાને વિષે ક્રોધી - લોભીપણું પરઠે તો પોતે ક્રોધી - લોભી થાય. **(વચ. ગ.પ્ર. ૫૮)**

**પ્રમાણ -૧૦ :** મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે, તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે. **(વચ. સા. ૧૮)**

**પ્રમાણ - ૧૧ :** આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે, તેથી બીજું કાંઈ ભૂંડું નથી. **(સ્વા.વા. ૩-૩૬)**

**પ્રમાણ - ૧૨ :** માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો, અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો. **(વચ. લોયા-૧૮)**

**પ્રમાણ - ૧૩ :** માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી અને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાત કરીને ચેતાવી દેવો. અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એકવાર કરવી, એમ અમારી આજ્ઞા છે. તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.'' **(વચ. લો. ૧૮)**

**પ્રમાણ - ૧૪ :** ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાન-પાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. **(વચ. ગ.મ. ૧૩)**

**પ્રમાણ - ૧૫ :** અક્ષરધામમાં વિરાજમાન ભગવાનનું સ્વરૂપ જેમ દિવ્ય છે, એમ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ થઈ નરાકાર ધારી રહેલા ભગવાનનું સ્વરૂપ પણ નિત્ય દિવ્ય છે. તેમનો લોક પણ દિવ્ય છે. તેમના બધા ભોગો દિવ્ય છે. ભોગયોગ્ય વસ્તુઓ પણ દિવ્ય છે. વળી, તેમના પાર્ષદો દિવ્ય છે, તેમની શક્તિઓ પણ દિવ્ય છે. તેમના સર્વે ભક્તો દિવ્ય છે. તેમની ક્રિયાઓ દિવ્ય જ છે. **(સત્સંગિજીવન : ૩-૨૯-૧૪૩)**

૩. **સર્વથી પર અક્ષરધામ** (૪/૩૦)

**પ્રમાણ- ૧ :** બદ્રીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વિપમાં;
ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપ. **(નિ. કા. વચનવિધિ : ૩૭)**

**નોંધ :-** આ કિર્તનની આગળની પંક્તિઓ પરીક્ષાર્થીએ લખી હોય કે ન લખી હોય અને ઉપરની બે જ પંક્તિ લખી હોય તો પણ સાચું આપવું.

**પ્રમાણ- ૨ :** ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે,
તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે - **મુક્તાનંદ સ્વામી**

**પ્રમાણ- ૩ :** પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે, ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. **(વચ. પં. ૧)**

**પ્રમાણ- ૪ :** જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે; સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે.
અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે પ્રભુજીની પાસ રે, સુખ સુખ જ્યાં સુખના દરિયા,
ત્યાં વસી રહ્યા વાસ રે, એવા ધામની આગળ બીજાં, શી ગણતીમાં ગણાય રે...... **(ચોસઠ પદી : ૫૫, ૫૬)**

**પ્રમાણ- ૫ :** જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યાં છે. **(સા. ૧, ૪, ૧૧, ગ. અં. ૨૮)**

**પ્રમાણ- ૬ :** 'મા' પ્રલયકાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે,
પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે,
ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે. **(ચોસઠ પદી, ૫૬)**

**પ્રમાણ-૭ :** ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે. **(વચ. ગ. મ. ૨૪)**

**પ્રમાણ-૮ :** न तद्भासयते सूर्यो न शशाडको न पावकः, यदगत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ **(ગીતા - ૧૫:૬)**
અર્થાત જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા ૧૫:૬), (**નોંધ :-** સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું)

**પ્રમાણ-૯ :** અક્ષરધામની અવધિ નથી. એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહતિ છે. **(વચ. લોયા. ૧૪)**

**પ્રમાણ-૧૦ :** મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, સર્વ સાપ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ,
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય, શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.
(શ્રીજીમહારાજ ઓરડાના પદમાં, સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી)

**પ્રમાણ-૧૧ :** તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે,
તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે,
તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે,
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે. **(ચોસઠપદી : ૫૫)**

**પ્રમાણ-૧૨ :** બીજા ધામો કરતાં અક્ષરધામ શ્રેષ્ઠ છે. **(સ્વા.વા.૩/૧૧, ૨૩, ૪૯)**

**પ્રમાણ-૧૩ :** એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે. **(વેદરસ : પૃ-૧૪૬)**

**પ્રમાણ-૧૪ :** અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે..... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ. **(અમ. ૭)**

**૪. ગુણાતીત સંતનો મહિમા પરોક્ષ ભક્ત કવિઓનાં પદોમાં તથા પરોક્ષ શાસ્ત્રોમાં (૫/૯૨)**

**૧. ભક્ત કવિઓનાં પદોમાં :-**

**પ્રમાણ - ૧ :** પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા, રાત દિવસ હૃદયે ભાવું રે,
તપ તીરથ વૈકુંઠ પદ મેલી, મારા હરિજન હોય ત્યાં હું આવું રે.
લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે,
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે. **(નરસિંહ મહેતા)**

**પ્રમાણ - ૨ :** રામસિંધુ ઘન સજ્જન ધીરા, ચંદનતરુ હરિ સંત સમીરાઃ
મોરે મન પ્રભુ અસ બિસ્વાસા, રામ તે અધિક રામ કર દાસા.
**(તુલસીદાસ ઉત્તરકાંડ-૧૧૯મા દોહા પછીની ચોપાઈ)**

**પ્રમાણ - ૩ :** સંત હરિજન એક હૈ, ભિન્ન ન માનો કોઈઃ
પ્રીતમ સદ્‌ગુરુ મીલે, તાકુ માલુમ હોય. **(કવિ પ્રીતમ)**

**પ્રમાણ - ૪ :** સાહબકા ઘર સંતનમાંહી, સંત સાહબ કછુ અંતર નાહીં. **(કબીર)**

**૨. પરોક્ષ શાસ્ત્રોમાં :**

(૧) यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता हार्थाः प्रकाशन्ते महात्मनः ॥
અર્થાત્ જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા અર્થ તેને પ્રાપ્ત થાય છે. (શ્વેતાશ્વેતરોપનિષદ્ ૬-૨૩)

(૨) साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥
અર્થાત્ સાધુ પુરુષ મારું હૃદય છે અને હું તેમનું હૃદય છું. મારા સિવાય અધિક જેમ તે બીજાને જાણતા નથી તેમ હું પણ એથી અધિક બીજાને જાણતો નથી. (ભાગવત ૯-૪-૬૮)

(૩) निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।
अनुव्रजाम्यहं नित्यं पूयेयत्यङ्घ्रिरेणुभिः ॥
અર્થાત્ નિરપેક્ષ, મનનશીલ, શાંતચિત્ત, વૈરરહિત, સમદર્શી સંતાત્માઓની પાછળ પાછળ તો હું એ માટે ફરુ છું કે જો એમની ચરણરજ મળી જાય તો પવિત્ર થઈ જાઉં. (ભાગવત ૧૧-૧૪-૧૬)

**પ્રશ્ન.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. मूर्तं तत्रास्ति कृष्णस्य सेवायां दिव्यविग्रहम् । **જ. અક્ષરબ્રહ્મ : સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ. (૬/૧૦૬)**

૨. 'एकमेवाद्वितियं ब्रह्म' **જ. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય (૪/૪૬)**

૩. 'કલ્તપરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે,
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે...' **જ. પ્રગટ ભક્તિનો મહિમા (૫/૬૯)**

૪. 'પુરુષોત્તમ ભગવાન.... આત્મા ને (તથા) અક્ષર એ સર્વેના પ્રેરક છે ને સ્વતંત્ર છે ને નિયંતા છે ને સકળ ઐશ્વર્ય-સંપન્ન છે ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.' **જ. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ (૬/૧૦૯)**

૫. 'ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે.' **જ. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા (૩/૨૧)**

**પ્રશ્ન.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ: એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. <u>૨</u> , <u>૩</u>, <u>૪</u> (૨/૭)   ૨. <u>૧</u>, <u>૨</u>, (૪/૪૩-૪૪)

**પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

૧. **શ્રીજીમહારાજને શરીરે ખૂબ ભાર લાગ્યો અને પરસેવો વળી ગયો. (૬/૧૧૬,૧૧૭) :-** જ. વડતાલમાં માંદા સંતોની ગોદડીઓ ધોઈને આવતા સ્વામીને હનુમાનવાળા દરવાજે મહારાજ ભેગા થયા. સ્વામીએ વૃત્તિથી મહારાજની મૂર્તિ પકડી લીધી. અઢાર ગોદડીના ભારથી સ્વામી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. તેથી મહારાજને પણ પરસેવો થવા લાગ્યો. સ્વામીની રજા લઈ મહારાજ સભામાં આવ્યા. સભામાં મહારાજે કહ્યું, 'અમારે શરીરે બહુ ભાર લાગ્યો છે એટલે પરસેવો થાય છે.' આ સાંભળીને ભગુજી અને રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું, 'ઓલ્યા સાધુના ખભા ઉપરથી ગોદડીઓ ઉતારી લો તો અમારો ભાર હળવો થાય.' પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને મહારાજે કહ્યું, 'સાણસામાં જેમ સાપ પકડે તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં આ સાધુએ ઝાલી રાખી છે. એ અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. સર્વ થકી શ્રેષ્ઠ છે અને મોટા મોટાઓને પણ સમાગમ કરવા યોગ્ય છે. **<u>સિદ્ધાંત</u>** :- શ્રીજીમહારાજ અને સ્વામી બંનેનું એકાત્મપણું આ પ્રસંગ પરથી દેખાય છે. વળી, પોતાના અક્ષરધામની સ્વયં મહારાજ ઓળખ કરાવે તો જ આપણે ઓળખી શકીએ.

૨. **વાઘાખાચરે પૂછયું, 'સ્વામી, તમે પંડે અક્ષર?' (૬/૧૨૪) :-** જ. સારંગપુરના વાઘા ખાચરને કારણ દેહના ભાવ ટાળવા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. જૂનાગઢ આવતાં રસ્તામાં ભગતજીએ તેમને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એવી વાત કરી પણ તેમને આ રુચ્યું નહિ. જૂનાગઢમાં એક વખત સ્વામીની આજ્ઞાથી સર્વે હરિભક્તો મંદિરની વાડીએ પથ્થર તથા નાના કાંકરા વીણીને વાડી ચોખ્ખી કરતાં હતા. ત્યાં સર્વેને અલમસ્ત રીતે આનંદમાં જોઈને વાઘા ખાચરે મહુવાના દામા શેઠને પુછ્યું, 'આ બધાને આનંદ આવે છે. એવો આનંદ મને કેમ નથી આવતો ?' ત્યારે દામા શેઠે કહ્યું, 'તમે આ પ્રાગજી ભક્ત કહે છે તેમાં વિશ્વાસ લાવીને સ્વામીને મૂળ અક્ષર છે એમ સમજો તો તમને પણ આનંદ થાય.' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી પંડે કહે તો માનું.' થોડીવાર ભગતજી મહારાજે સ્વામીને વૃતિ દ્વારા ખેંચ્યા અને સ્વામી ત્યાં આવ્યા ત્યારે વાઘા ખાચરે પૂછ્યું 'સ્વામી, આ પ્રાગજી ભક્ત કહે છે કે સ્વામી આપ મૂળ અક્ષર છે, તે વાતનું નિરાકરણ કરી આપો.' ત્યારે સ્વામી કહે, 'પ્રાગજી કહે છે તેમ જ છે !' છતાં પણ ખાતરી કરવા ફરી પૂછયું. 'સ્વામી તમે પંડે અક્ષર' ત્યારે સ્વામીએ હા પાડી. આથી વાઘા ખાચરને સ્વામી મૂળ અક્ષર છે તે વાતની પ્રતીતિ થઈ. **<u>સિદ્ધાંત :-</u>** અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખવું તે ખૂબ કઠણ વાત છે. તે અક્ષરબ્રહ્મની પોતાની અનહદ કૃપા હોય ત્યારે જ મુમુક્ષુ આ સ્વરૂપને ઓળખી શકે છે.

૩. **માલજી સોનીને ગુણાતીતાનંદ સ્વામીની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાણ થઈ. (૬/૧૨૭) :-** જ. ગુણાતીતાનંદ સ્વામી એક વખત ચૈત્રી પૂનમના સમૈયે વરતાલ પધાર્યા હતા. બન્ને દેશના આચાર્યો તથા મોટા સદ્‌ગુરુઓ આ સમૈયામાં ભેગા થયા હતા. તે વખતે સભામાં સંત પંક્તિમાં પાટ પર મોટા સદ્‌ગુરુઓ બેઠા હતા. પ્રથમ ગોપાળાનંદ સ્વામી પછી નિત્યાનંદ સ્વામી, શુક સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. તે વખતે ભોંયકા ગામના હરિભક્ત માલજી સોની ત્યાં હતા. તેઓ ગોપાળાનંદ સ્વામીને વિષે

હેતવાળા હતા. તેમણે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું, 'સ્વામી ! આ સદ્‌ગુરુ કોણ ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'મેં તને કહ્યું હતું ને કે હું તને અક્ષરધામ બતાવીશ. આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. મહારાજ ઘણી વખત તેમને અક્ષરધામ તરીકે ઓળખાવ્યા છે. માટે તું ઓળખી લે !' આ રીતે માલજી સોનીને ગોપાળાનંદ સ્વામીએ અક્ષરધામની ઓળખાણ કરાવી અને શાસ્ત્રીજી મહારાજે પણ માલજી સોનીના સ્વમુખેથી જ આ વાતની ખાતરી પણ કરી હતી. **<u>સિદ્ધાંત</u> :-** ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામની ઓળખાણ હતી. તેથી જ માલજી સોનીને ઓળખાણ કરાવી શક્યા. માલજી સોનીને પણ ગોપાળાનંદ સ્વામીમાં હેત અને વિશ્વાસ હતો. તેથી તેમને સ્વામીની વાત સત્ય મનાઈ અને અક્ષરધામની ઓળખાણ થઈ.

**પ્રશ્ન.૫ નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જરૂરી નથી.**

૧. **નિરાકાર સમજવાથી ખોટ (૩/૧૧) :-** નિરાકાર સમજણના ખંડનના અને સાકાર સમજણના પ્રતિપાદનના શબ્દો અનેક વચનામૃતોમાં આવે છે પણ આપણે તો થોડાં જ અવતરણો જોઈશું. ભગવાનને નિરાકાર સમજવાથી જે સ્વરૂપને પામવું છે, જેનું ધ્યાન-ભજન કરવું છે એ જ સ્વરૂપનું ખંડન થાય છે. તેથી તો શ્રીજીમહારાજ કહે છે :''ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. **(વચ. ગ.મ.-૩૯, ગ.પ્ર.-૭૧)** ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે.... તેને અરૂપ કહેવા... એજ ભગવાનનો દ્રોહ છે... અને ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે પણ ભગવાનનો દ્રોહી છે. **(વચ. વરતાલ-૨)** નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ. ૯)** સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય, પણ મૂર્તિમાન ન સમજે, એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. **(વચ. લો.૧૬)** અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે, તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી. **(વચ. ગ.પ્ર. ૬૪)** ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનાર છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વર્ષ સુધી ને દ્વાપરયુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે પણ સુખ તો નહિ જ થાય. **(સ્વા.વા.૩/૧૬)**

૨. **ધામમાં અને પૃથ્વી ઉપર - બંને ઠેકાણે સદા સાકાર (૩/૧૭) :-** ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર છે, તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદ રૂપ છે. **(વચ.ગ.અં. ૩૮)** ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિમાન છે. **(વચ.ગ.અં. ૭)** પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં શ્રીજીમહારાજ કહે છે : મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર. તે તેજને વિષે (અક્ષરધામને વિષે) એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ જણાતી નથી. અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે. પણ ચાર ભૂજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. **(વચ.ગ.મ. ૧૩)** જેવા પ્રગટ ભગવાન પૃથ્વી પર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યાંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે. અને આ ભગવાન અને ભગવાના ભક્ત તે સદા સાકાર જ છે. **(વચ.ગ.પ્ર. ૩૭)** આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાનને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતાં થકા રહે છે અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તના રૂપ તે અનંત સૂર્ય ચંદ્રના પ્રકાશ સરખાં પ્રકાશે યુક્ત છે.' અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. **(વચ.પં. ૭)** ભગવાન તો સદા સાકાર જ છે. **(વચ.ગ.અં. ૩૫)**

૩. **પ્રગટની ભક્તિ એ જ શાંતિનો ઉપાય (૫/૭૦) :-** પ્રગટ પ્રભુની ભક્તિ કરવાથી જ અંતરમાં શાંતિ અને સુખ વર્તે છે. મુક્તાનંદ સ્વામીએ એક વખત શ્રીજીમહારાજને શાંતિ પામવાનો ઉપાય પૂછયો. મહારાજે પોતાના જન્મથી માંડીને બધા ચરિત્રોની વાત કરવા માંડી તેથી મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે મહારાજ બીજી વાતે ચડી ગયા છે. બીજે દિવસે પણ આમ જ બન્યું. છતાં પણ મુક્તાનંદ સ્વામીને ન સમજાયું. તેથી મહારાજે કહ્યું, 'સ્વામી ! ગામડે ફરવા જાઓ, શાંતિ થશે.' મુક્તાનંદ સ્વામી ગઢડાથી નીકળ્યા. નિત્યાનંદ સ્વામી તેમની પાછળ ગયા અને સમજાવ્યું કે શ્રીજીમહારાજ પ્રગટ ભગવાન છે ને પ્રગટના ચરિત્રોમાં શાંતિ છે તેવી કયાંય નથી. મહારાજને આ વાત દૃઢ કરાવવી હતી તેથી પોતાના ચરિત્રોની વાત કરી હતી. મુક્તાનંદ સ્વામીને પાયાની ભૂલ સમજાઈ. વ્યાસજીએ ઘણાં શાસ્ત્રોની રચના કરી છતાં અંતરમાં અશાંતિ ટળી નહિ પણ નારદજીના કહેવાથી પ્રગટ શ્રીકૃષ્ણના ચરિત્રોનું ગાન કરતું શ્રીમદ્‌ભાગવત શાસ્ત્ર રચ્યું ત્યારે શાંતિ થઈ. શ્રીજીમહારાજે તેથી જ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે તમે પણ સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર દેહપર્યંત કર્યા કરવાની આજ્ઞા કરી. **(ગ. મ. ૫૮)** સ્વામીએ પણ આ આજ્ઞા શિર પર ચઢાવી અને દેહપર્યંત સંપ્રદાયના સાહિત્યની સેવા કરી. તેમણે પ્રગટની ભક્તિથી થતો લાભ

જણાવતાં કીર્તનમાં લખ્યું છે, 'પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું..... ભજન કર ભાવશું.' તેવી જ રીતે સ્વરૂપાનંદ સ્વામીને પ્રગટ મહારાજ કરતાં અંતરમાં દેખાતી મહારાજની મૂર્તિ વિષે વધુ લગની લાગી ગઈ. પ્રગટનો સિદ્ધાંત તેમને સમજાવવા માટે મહારાજે મંદવાડ પ્રેરીને અંતરમાં મૂર્તિ દેખાતી હતી તે બંધ કરી. આથી સ્વરૂપાનંદ સ્વામી મૂંઝાયા. દીન થઈને મહારાજ પાસે આવ્યા અને મહારાજની સ્તુતિ કરી. મહારાજે કહ્યું, 'પર્વતભાઈ પાસે જાવ શાંતિ થશે.' પર્વતભાઈએ તેમને વાતો કરતાં 'દાદા ખાચરનાં નળિયાનું' ધ્યાન કરવાનું કહ્યું સ્વરૂપાનંદ સ્વામીને આ વચનોથી પોતાની ભૂલ સમજાઈ ગઈ કે મહારાજના સંબંધે દરબારનાં નળિયા પણ નિર્ગુણભાવ પામીને ધ્યાન કરવા યોગ્ય બન્યાં છે. તેથી મહારાજની પ્રત્યક્ષ મૂર્તિમાં મારે વધુ લગની લગાડવી જોઈએ. આમ કરવાથી પછી તેમને શાંતિ થઈ.

૪. **પ્રગટપણું એક જ દ્વારા (૫/૮૦) :-** ભગવાન જેમના દ્વાર સમ્યક પ્રકારે પ્રગટે છે તેવા અક્ષરબ્રહ્મ ગુણાતીત સંત અખંડ પૃથ્વી પર વિચરે છે. એ જ અનંત જીવો માટે મોક્ષનું દ્વાર છે. અને તે એક જ હોય. ભગવાનનું પ્રગટપણું અક્ષરબ્રહ્મ દ્વારા જ છે અને અનાદિ અક્ષરબ્રહ્મ એક જ છે. તેથી ભગવાનનું પ્રગટપણું એક જ દ્વારા હોય તે સ્વાભાવિક છે. એક કરતાં વધારે ભગવાન હોય તો શું પરિસ્થિતિ થાય તેનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, 'ભગવાન ઘણાક થાય ત્યારે જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે એક ભગવાન કહેશે હું જગતની ઉત્પત્તિ કરીશ. અને બીજો કહેશે હું જગતનો પ્રલય કરીશ. અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ અને બીજો કહેશે હું નહી કરું. ને એક કહેશે હું માણસના ધર્મ પશુમાં કરીશ. અને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ. એવી રીતે સ્થિતિ ન રહે અને આ તો જુવોને, જગતમાં કેવી રીતે બરાબર અદલ પ્રમાણે સર્વત્ર ક્રિયાની પ્રવૃત્તિ થાય છે. પણ તલભાર ફેર પડતો નથી. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને સર્વના સ્વામી એક જ ભગવાન છે.' **(વચ. ગ.અં. ૩૯)** તેવી જ રીતે એક કરતાં વધારે સંતો દ્વારા જો ભગવાન પ્રગટ રહેતા હોય તો આત્યાંતિક કલ્યાણની અવ્યવસ્થા ઉભી થાય. જેમ રાજાને એકથી વધુ પુત્રો હોય છતાં ગાદીનો વારસદાર તો એક જ ગુણિયલ સમર્થ પુત્ર જ હોઈ શકે. તેમ પ્રગટપણાની ગાદીમાં એકીસાથે અનેક ન હોઈ શકે. સદ્‌ગુણોથી વિભૂષિત ઘણાં સંતો-ભક્તો હોય તે સંપ્રદાયની શોભા છે. પણ ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોનું ધારક સ્વરૂપ એક જ હોય. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે :

બીજા ગુણવાન તો ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ
નિષ્કુળાનંદ એવા સંત સંબંધે, અનંત પાપ બળેલ. **(નિષ્કુળાનંદ કાવ્ય - સારસિદ્ધિ ૩૮/૧૦)**

અહીં નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિના મળેલ' એમ લખ્યું છે. શ્રીજીમહારાજે પણ **(વચ. વર. ૧૦ અને જેતલપુર-૧)** વચનામૃતમાં ભગવાનના મળેલ એવા જ શબ્દો વાપર્યા છે તો ભગવાનના મળેલ એટલે શું ? શ્રીજીમહારાજના મળેલ પાંચસો પરમહંસો હતા. માળાના મણકા જેવા અનેક હરિભક્તો હતા. પાંચસો પરમહંસો પણ અનેક સામર્થી ધરાવતા હતા. આ બધા શ્રીજીમહારાજને મળેલ હતા છતાં આ પરમહંસો કે હરિભક્તો દ્વારા આત્યાંતિક કલ્યાણ કે બ્રહ્મરૂપ થવાની વાત નથી. અને સ્થૂળ રીતે જોઈએ તો શ્રીજીમહારાજને મળેલા હોય તેટલા જ સંતો હરિભક્તો દ્વારા આત્યાંતિક કલ્યાણની વાત હોય તો તેમના પછી કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય. પણ એ શ્રીજીમહારાજને અભિપ્રેત નથી. શ્રીજીમહારાજને તો અનંત જીવો માટે આત્યાંતિક કલ્યાણનો પંથ હંમેશા ચાલુ રાખવો છે. તો હરિના મળેલ એટલે શ્રી હરિ સાથે અપૃથક સિદ્ધ સબંધથી જોડાયેલ એવો સંબંધ અક્ષરબ્રહ્મને જ છે. બીજા કોઈને નથી. અક્ષર બ્રહ્મ એક જ છે. તો તે દ્વારા પ્રગટપણું પણ એક સ્વરૂપે જ હોય તે સ્પષ્ટ છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં કહ્યું છે 'જે સમયમાં જેને હાથ કલ્યાણ કરવાનું સોંપ્યુ હોય તેનાથી કલ્યાણ થાય. જેમ પરીક્ષિતને શાપ થયો ત્યારે વ્યાસજી આદિ ઘણા મોટા હતા પણ શુકજી આવ્યા ત્યારે કલ્યાણ થયું.'**(સ્વા. વા. ૪/૪૯)** અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ અમદાવાદમાં કેશવજીપ્રસાદ મહારાજને કહેલું જેમ તમારા પિતાએ ખજાનાની કૂંચીઓ તમને આપી છે તેમ સ્વામિનારાયણે કલ્યાણની કૂંચી એમને સોંપી છે. પાંચસો પરમહંસોમાંથી ફક્ત એક જ ગુણાતીતાનંદ સ્વામીને સોંપેલ કલ્યાણની કૂંચી આજ પર્યંત ગુણાતીત પરંપરામાં જળવાયેલ છે. જેમના થકી આત્યાંતિક કલ્યાણની પ્રતીતિ થતી હોય અને અનંત જીવો જેમના સંબંધે બ્રહ્મરૂપ થઈને અક્ષરધામના અધિકારી થતા હોય તેવો ગુરુ પરંપરાનો જીવતો જાગતો વેલો અન્ય કોઈ પરમહંસનો આજ પર્યંત જળવાયેલ નથી. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં અને પછી પણ સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે સાધુતાવાળા અલૌકિક સ્થિતિવાળા, ઐશ્વર્યયુક્ત સંતો એકી સાથે ઘણા વિચરતા હતા છતાં શ્રીજીમહારાજના અખંડ ધારક અને મોક્ષના દ્વાર રૂપ એવું સ્વરૂપ સર્વકાળે એક જ રહ્યું છે. અને બીજા મોટા મોટા તેમનામાં જોડાયા છે અને પોતાના હેતવાળાને પણ તેમાં જોડ્યા છે. શ્રીજીમહારાજ ગુણાતીત દ્વારા જ પ્રગટ રહે છે. પણ એકવાર અંતર્ધાન થયા પછી પણ વારંવાર અક્ષરબ્રહ્મ સાથે પ્રગટ થતા નથી. અક્ષરબ્રહ્મ દ્વારા જ પ્રગટ રહીને અનંત જીવોનું કલ્યાણ કરે છે. આમ શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી આજ સુધી તેમનું પ્રગટપણું એક જ ગુણાતીત સંત દ્વારા રહ્યું છે. અને ભવિષ્યમાં પણ એક જ દ્વારા રહેશે તે શ્રીજી મહારાજનો સ્પષ્ટ અભિપ્રાય છે. જેમને જે વખતે જે પ્રગટ સ્વરૂપ મળે તે સ્વરૂપને વિષે પતિવ્રતાની ટેક રાખવાની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ.'' **(ગ. અં. ૧૬)**

**પ્રશ્ન.૬ નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં ) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

૧. **શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે. (૪/૬૨)**

શ્રીજીમહારાજે સર્વ દેવો આચાર્યો અને અવતારો પ્રત્યે આદરભાવ રાખ્યો છે. શ્રીજીમહારાજે સર્વ દેવમંદિરોમાં તે તે દેવના સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે પણ પોતાના ઈષ્ટદેવ વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે.

શ્રીજીમહારાજ કહે છે, 'જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે અને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દઢ ટેક છે તેમજ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પ્રીતિ પણ થાય નહિ. **(વચ. અં. ૧૬)** શિક્ષાપત્રી ૧૧૩માં શ્રીજીમહારાજે ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વે મનુષ્યોએ કરવી એમ કહ્યું છે. તેમાં સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતુ માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ દેવી કે અવતારોની નિંદા કરવાની સ્પષ્ટ ના કહી છે, એટલું જ નહિ પણ એવો ભાવ બતાવનાર પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પધરાવી છે તેમજ ધ્રુવ, પ્રહલાદ, ગોપીઓ, શુક સનકાદિક નારદ જેવા ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દઢ થાય તેથી શ્રીમદ્‌ભાગવત્‌ની કથા પણ કરતા ને કરાવતાં. અનેક જીવો મહારાજનાં સ્વરૂપને ઓળખે તેમાં જોડાય તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દષ્ટિ રાખતા મહારાજ સંતો પરમહંસો અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી બ્ર.સ્વ. પ્રાગજી ભક્ત, બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ, બ્ર.સ્વ. યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. તેમાં કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી ગુણગ્રાહક દષ્ટિ રાખી કાર્ય કરે છે.

૨. **શીતળદાસ વ્યાપકાનંદ બન્યા. (૪/૪૭)**

શીતળદાસ નામે મુમુક્ષુ બ્રાહ્મણ ઉત્તર ભારતથી રામાનંદ સ્વામીની ખ્યાતિ સાંભળી તેમનાં દર્શન કરવા આવ્યા. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા છે તેવું સાંભળીને તેઓ નિરાશ થઈ પાછા જવાનો વિચાર કરતા હતા ત્યારે મહારાજે તેમને રોકાઈ જવા કહ્યું. તેઓ રોકાયા, અને સભામાં આવ્યા ત્યારે મહારાજે તેમને સમાધિ કરાવી. આ સમાધિમાં તેમણે જોયું કે ચોવીસ અવતારો અને ખુદ રામાનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે. મહારાજનું આવું અલૌકિક સ્વરૂપ જોઈ સમાધિ અવસ્થામાં જ તેમણે મહારાજની પૂજા કરી ત્યારબાદ તેમને અનંત મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. પરંતુ પોતે તો એક જ હતા. પછી મહારાજે તેમને સંકલ્પ કરવા કહ્યું. કે 'આ એક એક અવતાર અને રામાનંદ સ્વામી પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ. આવો સંકલ્પ કરવા છતાં તેમના અનંતરૂપ થયાં નહિ. પછી શ્રીજીમહારાજે કહ્યું, 'હવે શ્રીજીમહારાજ પુરુષોત્તમ હોય તો મારા અનંત રૂપ થાઓ' એમ સંકલ્પ કરો.' આમ, સંકલ્પ જ્યાં કર્યો ત્યાં તેમનાં અનંતરૂપ થયાં. અને એક સાથે અનંત મુક્તોની પૂજા કરી. સમાધિમાંથી જાગીને મહારાજનો પાકો નિશ્ચય થયો. મહારાજને પોતાને સાધુ બનાવવા વિનંતી કરી. મહારાજે તેમને દીક્ષા આપી વ્યાપકાનંદ સ્વામી નામ પાડ્યું.

૩. **શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' (૫/૯૪)**

ગુણાતીત સંત શ્રીજીમહારાજને સદા સ્વામી-સેવકભાવે ઉપાસે છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુમાં પોતાને સર્વના સ્વામી પણ પુરુષોત્તમના દાસ કહ્યા છે. સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે,

'સામ્રથ પાય કબુ નહિ છલકત, જ્યું ઉદધિ કે તોય,<br>
બ્રહ્માનંદ કહ્યો શ્રીમુખસે, એસો જન પ્રિય મોય.'

શ્રીજીમહારાજ કહે છે, 'એ નારાયણને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વેને ભગવાન કહેવાય. મુક્તાનંદ સ્વામી એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય. તો બીજાની શી વાર્તા કહેવી.' **(વચ. લોયા ૧૩)** ગુણાતીત સંત કદી પોતે ભગવાન થઈ જતા નથી. પણ તેમાં ભગવાનનો સાક્ષાત્કારપણે સમ્યક રીતે વાસ છે. તેથી તેમનાં દર્શને ભગવાનનું દર્શન થાય છે. તાત્ત્વિક રીતે તો બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. **(વચ. ગ.મ. ૩)** આપણી ગુરુપરંપરામાં પણ કોઈએ ભગવાન હોવાનો કે થવાનો ક્યારેય સ્વપ્નમાં પણ દાવો કર્યો નથી. વરતાલની સભામાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાનના પ્રસંગમાં કોઈએ કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન થવું છે.' તો તે વખતે તેઓ નિધડકપણે બોલ્યા, 'કોઈનાથી ભગવાન થવાતું નથી. ભગવાન તો એક શ્રીજી મહારાજ છે. મને કોઈ ભગવાન કહેશે તો ગધેડો લેખાશે.' શાસ્ત્રીજી મહારાજ પણ કહેતા, 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' વળી, પોતે કહેતા ભગવાન તો શ્રીજી મહારાજ છે. મને કોઈ ભગવાન માની ને ભજન કરશે તે નરકના અધિકારી થશે.

૪. **મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મ આવશ્યક છે. (૬/૧૦૦) :-**

**બ્રહ્મરૂપ થવા માટે :** तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च थ गम्यताम् । (शिक्षापत्री १२१)

શ્રીજીમહારાજ મુક્તિ અર્થાત્ મોક્ષની વ્યાખ્યા સમજાવતા કહે છે : 'તે (અક્ષર) ધામને વિષે બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મની સેવા કરવી તેને અમે મુક્તિ (મોક્ષ) માની છે.' બ્રહ્મરૂપ થવા માટે (અનાદિ અજ્ઞાન, વાસના અને દેહભાવ ટાળવા માટે) કોઈ સાધન કામ આવતા નથી. બ્રહ્મના સંગે જ આ બધું નાશ પામે છે. બ્રહ્મના સ્વરૂપમાં માયાનો કોઈ ભાવ નથી. તેથી બ્રહ્મના સંગથી માયાનો ભાવ દૂર થાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ અર્થાત્ ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે એ માયાના સર્ગરૂપ કપટ જેણે એવું ભગવાનનું પરમ સત્ય સ્વરૂપ છે. (ભાગ. ૧-૧-૧) આ રીતે ધામ એ ભગવાનનું સ્વરૂપ છે. અને તે ધામ દ્વારા ભગવાન જીવોને વળગેલી માયાના આવરણને ટાળે છે. શ્રીજીમહારાજ કહે છે. નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.' **(વચ. ગ. મ. ૩૧)** શ્રુતિ પણ કહે છે, 'બ્રહ્મને જાણે છે તે બ્રહ્મરૂપ થાય છે.' (મુંડકોપનિષદ્ ૩-૨-૯) માટે જ માયાના આવરણને ટાળીને

બ્રહ્મરૂપ થવા અક્ષરબ્રહ્મને ઓળખવા, જાણવા અને તેનો સંગ કરવો અનિવાર્ય છે. ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે, 'બ્રહ્મરૂપ તો એમ થવાય જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.' (સ્વા. વા. ૩/૧૨)

**પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે :-** નરાકૃત્તિ ધારેલ પરબ્રહ્મ સદા દિવ્ય હોવા છતાં ''એ જ પ્રત્યક્ષ ભગવાનને મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે, કારણ કે દસ ઈન્દ્રિયો તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ તે તો સત્ત્વગુણનાં છે. માટે એ સર્વે ઈન્દ્રિયો ને અને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર છે. તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય ? **(વચ. ગ. પ્ર. ૫૧)** તેથી જ જ્યારે ''ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે. તે પછી એની એ જે
ભગવાનની એ મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદમય જાણે છે. **(વચ. પં. ૭)** વળી જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે. ત્યારે એનાં ઈન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે. **(વચ. ગ. પ્ર. ૫૧)** આવી ભગવતસ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ.... જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. **(ગ. મ. ૧૩)** આમ, સત્પુરુષ થકી જ મહારાજના પુરુષોત્તમપણાનો નિશ્ચય થાય છે. તે અહીં સ્પષ્ટ થાય છે. તે સત્પુરુષ પણ ગુણાતીત જ. કારણ કે ગુણાતીત અર્થાત્ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજ્યા વિના પુરુષોત્તમ નારાયણનો તત્ત્વે સહિત નિશ્ચય થતો જ નથી. મનુષ્ય દેહધારી પરબ્રહ્મમાં સમ્યક્પણે દિવ્યભાવ દેખવો તે જ્ઞાનની સ્થિતિ છે. જ્ઞાન કેવું છે ? તો પ્રકૃતિપુરુષથી પર છે. **(વચ.ગ.પ્ર. ૨૪)** પ્રકૃતિપુરુષથી પર અક્ષર છે એટલે અક્ષર એ જ પુરુષોત્તમના જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ છે. અર્થાત્ અક્ષર એ પુરુષોત્તમનું સ્વરૂપ સમજવાનું માધ્યમ છે.' 'જેમ પૃથ્વી થકી જળ મોટું છે અને તે પૃથ્વીનું કારણ છે અને તે થકી સૂક્ષ્મ પણ છે, અને જળ થકી તેજ મોટું છે. અને તેજ થકી વાયુ મોટો છે અને વાયુ થકી આકાશ મોટો છે. એવી રીતે અહંકાર, મહતત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષર એ સર્વે એકબીજાથી મોટાં છે અને એકબીજાથી સૂક્ષ્મ છે ને કારણ છે.... એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે. અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે.' **(વચ. ગ. પ્ર. ૬૩)** માટે ઉત્તરોત્તર એક એક તત્ત્વનો મહિમા સમજ્યા પછી અક્ષરનો મહિમા સમજાય અને અક્ષરનો મહિમા સમજાયા પછી જ અક્ષરથી પર એવા પુરુષોત્તમ નારાયણનો મહિમા સમજાય તે સ્વાભાવિક જ છે. એટલે પુરુષોત્તમ નારાયણની તત્ત્વે સહિત ઓળખાણ માટે પ્રથમ અક્ષરબ્રહ્મની ઓળખાણ કરવી જરૂરી છે. વળી શ્રીજીમહારાજે કહ્યું, ''પુરુષોત્તમ ભગવાન જે તે સર્વમાં કારણપણે, અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પ્રકૃતિપુરુષમાં નથી.'' **(વચ. ગ. પ્ર. ૪૧)** એટલે કે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમની સૌથી વધુ નિકટ છે. તેથી પુરુષોત્તમનો જેવો અને જેટલો મહિમા અક્ષરબ્રહ્મ જાણે તેવો અને તેટલો મહિમા મુક્ત પણ ન જાણી શકે તો બીજાની વાત જ ક્યાં રહી ? તેથી પુરુષોત્તમ નારાયણનો યથાર્થ મહિમા સમજવા અક્ષરબ્રહ્મના સંબંધની અતિશય આવશ્યક્તા છે. એટલા માટે શ્રીજીમહારાજ કહે છે, ''અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે, તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે તેમ અક્ષરધામ છે.'' **(વચ. ગ. મ. ૪૨)** એટલે કે અક્ષરને યોગે કરીને પુરુષોત્તમ ઓળખાય છે. આ પ્રમાણેની સમજણ કુંચીની-પાયાની છે. માટે પુરુષોત્તમ નારાયણનો તત્ત્વે સહિત નિશ્ચય કરવા અને યથાર્થ મહિમા સમજવા માટે અક્ષરબ્રહ્મને ઓળખવા અને તેમનો મહિમા સમજીને, તેમનો મન - કર્મ-વચને પ્રસંગ કરવો તે અનિવાર્ય છે. શ્રુતિમાં પણ કહ્યું છે 'જે બ્રહ્મને જાણે છે તે પરબ્રહ્મને પામે છે.' **(તૈત્તિરીયોપનિષદઃ ૨-૧)**

**પ્રશ્ન.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો. (કુલ ગુણઃ ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : - વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે.**

૧. શ્રીજીમહારાજ સદાય પોતાના અક્ષરધામની મધ્યમાં સિંહાસન ઉપર અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા વિરાજમાન છે. પોતે ધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડોમાં પ્રકાશી (રૂપ ધરી) શકે છે. તેઓ જે કાંઈ ગ્રહણ કરે તેને અમાયિક અને નિર્ગુણ કરી મૂકે છે. (૪)

૨. પુરુષોત્તમપણું અન્વય - વ્યતિરેકપણું અને અક્ષરબ્રહ્મનું અન્વય-વ્યતિરેકપણું ભિન્ન ભિન્ન છે. (૧૦)

૩. મુક્તિ અવસ્થામાં જીવાત્મા તથા ઈશ્વરાત્મા, બ્રહ્મરૂપ મુક્ત થાય છે. મુક્તિ પામનાર જીવાત્મા તથા ઈશ્વરાત્માને દેહ મૂક્યા પછી પુરુષોત્તમ નારાયણ ભાગવતી તનુ આપે છે. તેણે કરીને તે મુક્તો પુરુષોત્તમની સેવા-ભક્તિ કરે છે. બ્રહ્મરૂપ થાય છે તે પુરુષોત્તમરૂપ થાય છે. કહેતા અક્ષરમુક્તનો આકાર પણ પુરુષોત્તમ જેવો જ દિવ્ય થઈ જાય છે. પુરુષોત્તમ નારાયણના કલ્યાણકારી ગુણો પણ તે મુક્તો પ્રાપ્ત કરે છે. પરંતુ મુક્તો કાંઈ સાક્ષાત્ પુરુષોત્તમ થઈ જતા નથી. પુરુષોત્તમનું પરપણું-સર્વોપરીપણું તો રહે જ છે. (૧૩)

૪. અન્ય અવતારો પુરુષોત્તમની પ્રેરણા અને પ્રવેશથી જ થાય છે. તેઓ તો પુરુષોત્તમની જ ઉપાસના કરે છે. એટલે કે અન્ય અવતારો અને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ વચ્ચે અવતાર-અવતારી એવો સ્પષ્ટ ભેદ છે. (૬)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪)**

૧. એકલા અક્ષરબ્રહ્મ જ છે. પુરુષોત્તમ પણ તેમાં જ રહ્યા છે, અને તે દ્વારે જ રહી શકે છે. અર્થાત્ સ્વરૂપ-સ્વરૂપી ભેળા છે, તેમ ન સમજવું. (૪)

૨. શિક્ષાપત્રી અને વચનામૃતના શબ્દો દેશકાળબાધિત (મર્યાદિત) છે. તે હંમેશા સર્વદેશી-સર્વગ્રાહ્ય નથી. તેથી તેમાં ફેરફાર કરી શકાય છે, તેમ ન સમજવું. (૧૫)

૩. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઉપરાંત બીજા પરમહંસોને પણ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ કહી શકાય તેમ ન સમજવું. (૧૨)

**પ્રશ્ન.૮ ગુણાતીત સંતના લક્ષણો. (૫/૮૩)   (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજ ગુણાતીત સંત દ્વારા જ પૃથ્વી પર પ્રગટ રહ્યા છે, તેવા સંતના લક્ષણો મુમુક્ષુઓએ અવશ્ય જાણવા જોઈએ ને તેવા સંતને ઓળખીને તેમનો આશ્રય કરે તો આત્યાંતિક કલ્યાણ થાય છે નહિ તો નરકની પ્રાપ્તિ થાય છે.

સાચા સંતના અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે,
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડિઘડિયે **(ચોસઠ પદી પદ-૯) ( સદ્. નિષ્કુળાનંદ સ્વામી)**

જડબુધ્ધિ જીવ, પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું,
રંગપીતપણે, સોનું ને પિત્તળ ન હોય એક સરખું. **(સદ્. બ્રહ્માનંદ સ્વામી)**

શાસ્ત્રો જ્યાં જ્યાં સંતનો મહિમા કહ્યો છે ત્યાં ત્યાં સંતના લક્ષણો બતાવ્યા છે.

નારી નયન શર જાહિ ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા
લોભ પાશ જેહિ ગર ન બંધાયા સો નર તુમ્હ સમાન રઘુરાયા. **(કિષ્કિન્ધા કાંડ ૨૦માં દોહા પછીની ચોપાઈ)**

तस्माद गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेयं उत्तमम्
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् (શ્રીમદ ભાગવત ૧૧-૩-૨૧)

શાસ્ત્રના સારરૂપ વચનામૃતમાં પણ અનેક સ્થાને ગુણાતીત સંતના લક્ષણો છે :- ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઈંદ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની  જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા કેમ જે એવી ક્રિયા દેવ મનુષ્યને વિષે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. **(વચ.ગ.અં.૨૬)** શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતના લક્ષણો જ્યાં દેખાય- એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત સંબંધ હોય. **(વચ.ગ.અં. ૨૭)** દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન કર્મ વચને વર્તવું. **(વચ.ગ.અં ૩૮)** જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વે વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. **(વચ.ગ. પ્ર. ૪૪)** સ્વધર્મ જ્ઞાન વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત્ ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઊઘાડું થાય છે. **(વચ.ગ. પ્ર. ૫૪)** જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા. **(વચ. ગ.મ. ૨૩)** पुष्पहराय सर्पाय. એવું જે વર્તે તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અર્થ કર્યો છે. (આત્મા પરમાત્માનો વેગ લગાડવો તે) તેવા લક્ષણ હોય તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુદ્ધ રહે. લગાર આજ્ઞા લોપે નહિ એવા હોય. **(સ્વા.વા. ૫-૧૪૩)** આ ઉપરાંત જે સંતમાં ભગવાન અખંડ વાસ કરીને રહે તેવા સંતનાં લક્ષણ ગ.પ્ર. ૨૭, ગ.અં. ૩૫, વગેરે વચનામૃતોમાં તથા સાચા ત્યાગીનાં લક્ષણ ગ.પ્ર.૩૬, ૩૭માં તથા અન્ય ઘણાં વચનામૃતોમાં સાચા ભક્ત, એકાંતિક ભક્તનાં લક્ષણો બતાવ્યાં છે. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં તથા સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી વગેરે પરમહંસોએ પોતાનાં કીર્તનોમાં ગુણાતીતાનંદ સંતનાં લક્ષણો સ્પષ્ટપણે બતાવ્યાં છે.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, છઠ્ઠી આવૃતિ માર્ચ - ૨૦૦૬,**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ ચતુર્થ આવૃતિ જુલાઈ - ૨૦૦૬)**

**પ્રશ્ન.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ:- કોણ કહે છે -૧, કોને કહે છે - ૧ ગુણ,  ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **“તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો?” (૩/૩૩) (સ.વા. ૩)**   જ. મહારાજ - લાલજી ભક્તને
આધોઈ ગામને પાદરે મહારાજ લાલજી ભક્તને ભિક્ષા માગી લાવવાનું કહે છે ત્યારે લાલજી ભક્તે કહ્યું ‘અહીં તો મારું સાસરું છે. મને બધા ઓળખે, મારે કેમ કરીને ભિક્ષા માગવી ?   **અથવા**

૨. **“હવે થોડું થોડું ઘી રોટલીમાં જમો.” (૧/૮) (સ.વા. ૩)**   જ. ગુણાતીતાનંદ સ્વામી - ગોપાળાનંદ સ્વામીને
ગોપાળાનંદ સ્વામી રોટલી પણ કોરી જમતા. તેમનું શરીર સચવાય અને હરિભક્તનોને વધુ લાભ મળે તે માટે.

૩. **“તું આવો રૂપાળો અને હજુ નાનો છું ત્યાં તને આ શું સૂઝ્યું છે?” (૨/૧૫) (સ.વા. ૩)**   જ. કલ્યાણદાસ - મુકુંદદાસને
મુકુંદદાસે કલ્યાણદાસને પોતાની ઈચ્છા જણાવતાં કહ્યું ‘મારે અખંડ બ્રહ્મચર્ય પાળવું છે તો તમે માર્ગ બતાવશો’ ત્યારે. **અથવા**

૪. **“આપનો ધર્મ-સત્સંગ વધારવો, સાચવવો અને તેની પુષ્ટિ કરવી એ જ છે.” (૪/૪૩) (સ.વા. ૩)** જ. ગુણાતીતાનંદ સ્વામી - રઘુવીરજી મહારાજને - રઘુવીરજી મહારાજે સ્વામીને કહ્યું આ વખતે પધરામણીમાં ભેટ ઠીક આવી છે. માટે સાડા ચાર માસ સત્સંગિજીવનની કથા કરાવીએ. સાધુ-હરિભક્તો તમામનું ખોરાકી ખર્ચ મારે આપવું ત્યારે.

૫. **"જાવ, કશું નહીં થાય, બધું મટી જશે!" (૪૯) (યુગવિભૂતિ)** જ. સ્વામીશ્રી (પ્રમુખસ્વામી) - રતનસિંહને
અસાધ્ય ચામડીના રોગથી પીડાતા રતનસિંહને મળવા સ્વામીશ્રી નડિયાદ હોસ્પિટલમાં ગયા ત્યારે તેમના પરુગ્રસ્ત શરીર પર હાથ ફેરવતાં સ્વામી કહે છે. **અથવા**

૬. **"મારે ગામ આપ પધારોને!" (૨૮) (યુગવિભૂતિ)** જ. ગણેશ - સ્વામીને
કાંકરાવાડી ગામનો ૧૫ વર્ષનો કિશોર ગણેશ સ્વામીશ્રીને પોતાના ગામમાં આવવાનું આમંત્રણ આપતાં કહે છે.

**પ્રશ્ન.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા. (૫/૫૧) (સ.વા. ૩) અથવા**
પરમચૈતન્યાનંદ સ્વામી એકડમલ બનીને ફરતાં ફરતાં ધરમપુરમાં ગયા. તેમની સબીજ વાતોથી રાણી રાજી - મહારાજને જાણ થઈ કે, પરમચૈતન્યાનંદ સ્વામી ધરમપુરમાં - તેથી બે સંતોને તેડવા મોકલ્યા - સ્વામીની નામરજી - મહારાજ કહે હાથી ખૂંત્યો, તે હાથી જાય ત્યારે જ નીકળે આ કારણથી મુક્તાનંદ સ્વામીને ધરમપુર મોકલ્યા.

૨. **ભગા દોશીને સત્સંગ કરવાની કાયમની સાનુકૂળતા થઈ ગઈ. (૭/૬૬) (સ.વા. ૩)**
ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી ભગા દોશી પોતે સદાચારી જીવન જીવે છે એમ પોતાના પિતાને સમજાવ્યા. પિતા ખુશ થાય અને તેમને તેની મરજી પ્રમાણે વર્તવાની અનુમતિ આપી. આ રીતે ભગા દોશીની દૃઢતામાં વૃધ્ધિ થઈ. સંતોને સમાગમ કરવાની લગની વિશેષ થતી ગઈ. મહારાજને રસોઈ આપવા માટે પિતાથી છાની રીતે સીધું લઈને દરબારમાં ભગા દોશી ગયા. મહારાજે આમ છુપી રીતે લાવેલ સીધાનો ઈન્કાર કર્યો. તેથી ભગા દોશીને ઘેર જઈને રડવા લાગ્યા. ભાઈચંદ શેઠને પણ આશ્ચર્ય થયું કે બીજા સાધુ બાવા તો પાકાં સીધાં માંગે અને ચીપિયા પછાડે, જ્યારે આ તો મળેલું પણ પાછું ઠેલે છે. નક્કી સ્વામિનારાયણમાં કંઈક દૈવત તો હશે જ. ભાઈચંદ શેઠ પુત્રની સાથે સીધું લઈને મહારાજ પાસે ગયા. સંતોને પત્તરમાં ભેળું કરી, પાણીની અંજલિ નાખી નિઃસ્વાદીપણે જમતા જોઈને તથા મહારાજની અલૌકિક મૂર્તિનાં દર્શનમાત્રથી જ શેઠના હૃદયમાં તેના ખૂબ ઘેરો પડઘો પડ્યો અને ભગા દોશીને સત્સંગ કરવાની કાયમની સાનુકુળતા થઈ ગઈ.

૩. **યુવાન સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો. (૧૯) (યુગવિભૂતિ) અથવા**
કૌટુંબિક ઝઘડાને કારણે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીના જીવનમાં સ્વામીશ્રીએ રસ લીધો. પિતાના દુરાગ્રહને કારણે એન્જિયરીંગના બદલે આર્કીટેક્ચરનો અભ્યાસ કરવો પડતો હતો. કઈ દિશામાં જવું તેની સૂઝ પડતી ન હતી ત્યારે સ્વામીશ્રીએ તેને પૂછ્યું તારા ખર્ચની વ્યવસ્થા કેવી રીતે કરે છે ? જો તારે કોઈપણ જાતની તકલીફ હોય તો મને કાગળ લખજે. હું અહીં કોઠારી સ્વામીને લખીશ. તારી વ્યવસ્થા કરી આપીશ. તું બસ ભણ ને સંગીતમાં આગળ આવ. આ અપાર આત્મીયતાએ યુવક ધ્રસુકે-ધ્રુસકે રડી પડ્યો.

૪. **મંગળ અને તેના દીકરાઓ પૂજા કરતા થઈ ગયા. (૪૫) (યુગવિભૂતિ)**
ભીમપુરા ગામમાં રાત્રે ૧૧-૩૦ વાગે સ્વામીશ્રીએ એક આધેડ માણસને તેનું નામ પૂછી વ્યસન અંગે પૂછ્યું તો તે બીડી પીતો હતો. સ્વામીશ્રીએ સમજાવ્યું કે આ વસ્તુ નકામી છે, શરીર બગાડશે. તે આપણા માટે છે જ નહીં. માટે છોડી દેજો. તો સુખી થશો. શરીર ને પૈસા બંને બરબાદ કરે છે. તેના બે દીકરા દારૂ પીતા હતા તે બંનને લઈને સવારે સ્વામીશ્રીએ પોતાની પાસે આવવાનું કહ્યું. સવારે તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને આશીર્વાદનો ધબ્બો માર્યો અને વર્તમાન ધરાવી વ્યસન મૂકાવી દીધું. મંગળ અને તેના દીકરા પૂજા કરતા થઈ ગયા.

**પ્રશ્ન.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. પર્વતભાઈની હરિભક્તો પ્રત્યેની આત્મબુદ્ધિ (૬/૫૭) (સ.વા. ૩) અથવા**
મહારાજ કાઠી હરિભક્તો આગળ પર્વતભાઈના વખાણ કરતાં કહે છે કે "સોરઠ દેશમાં પર્વતભાઈ જેવા કોઈ હરિજન નહીં." કાઠીઓને આવા પ્રેમી ભકતના દર્શન કરવાની ઈચ્છા થઈ. થોડા વખત પછી મહારાજ સંઘ સાથે જૂનાગઢ જતા વચ્ચે અગતરાઈ પર્વતભાઈને ત્યાં પધાર્યા ત્યારે પર્વતભાઈ હરખઘેલા થઈ ઢોલિયો ઢાળી મહારાજને પધરાવ્યા. કાઠીઓ ઘોડાના જોગાણ ને ખડ માટે ફાંફા મારતા હતા. પર્વતભાઈએ બાજરાની કોઠીઓ અને ખડ બતાવ્યું. કાઠી દરબારોએ ઘોડાને છૂટા મૂકી દીધાં. પર્વતભાઈએ કાઠી દરબારોને જમાડ્યા. ગોળ, ચોખા અને છૂટી ધારે ઘી મહારાજ પાસે પીરસાવીને બધા જ કાઠી દરબારોને રાજી કરી લીધા. મહારાજને ઘીની ધાર પાછી ન ખેંચવા દે. વચમાં ઘી ઢોળાતું જાય તે જોઈ પર્વતભાઈ ફેરફુદરડી ફરતાં-ફરતાં બોલતાં જાય "મારા વાલાની લીલા તો જુઓ. આવી લીલા ક્યારેય નહોતી કરી." કાઠી દરબારોના મોંમાંથી પણ હેતના ઉદ્‌ગાર - બીજા પર્વત ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહિ. મહારાજ વખાણ કરતા હતા એવા જ પર્વતભાઈ છે. આવી હતી પર્વતભાઈને હરિભક્તો પ્રત્યે આત્મબુદ્ધિ,

**૨. મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજના સ્વરૂપમાં થયેલ પ્રતીતિ (૨/૧૮ થી ૨૦) (સ.વા. ૩)**
રામાનંદ સ્વામીના અંર્તધાન થયા પછી મહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું તેથી મુક્તાનંદ સ્વામી ખૂબ અકળાઈ ગયા. કચ્છમાંથી એકદમ આવીને મહારાજને ઠપકો આપ્યો. મહારાજે મુક્તાનંદ સ્વામીના શિષ્યોને સમાધિ કરાવી છતાં પણ સમાધિની વાત મનાઈ

નહિ. રામાનંદ સ્વામીએ તેમને દર્શન દઈને મહારાજનો અપરંપાર મહિમા સમજાવ્યો, કે આ તો સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ છે, તેથી તેમની અશાંતિ દૂર થઈ. મહારાજનો મહિમા સમજાયો તેથી તેમને ઉંચકીને રામાનંદ સ્વામીની ગાદી પર બેસાડ્યા, પૂજા કરી અને 'જય સદ્‌ગુરુ....' આરતી બનાવી અને મહારાજની આરતી ઉતારી અને કીર્તન જોડ્યું :

''ભ્રમણા ભાંગી રે હૈયાની, નથી એ વાત કેને કહ્યાની,
વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઈર્ષા આણે ...'

આ પ્રસંગ પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને એક નાની લાકડી પ્રસાદીરૂપે આપી તે જેને અડાડે તેને સમાધિ થાય. આમ, એમના વચને પછી અનેકને સમાધિ થવા લાગી. સમાધિ એ સહેલી નથી, પણ મહારાજની કૃપાથી ભક્તોને સમાધિ થતી પોતાના સ્વરૂપની ઓળખાણ મુક્તાનંદ સ્વામીને કરાવવા મહારાજે આ પ્રસંગ ઊભો કર્યો હતો.

૩. **પ્રમુખસ્વામી મહારાજનું વણથંભ્યું વિચરણ (૧૩) (યુગવિભૂતિ)   અથવા**

સતત વિચરણ પ્રમુખસ્વામી મહારાજની આગવી વિશેષતા છે. પ્રમુખસ્વામીનું સરનામું ક્યું ? આ સવાલનો કોઈ કાયમી જવાબ નથી. આંખે મોતિયો, પિત્તાશય અને ગાંઠનું ઓપરેશન, પગે વા અને હાર્ટએટેક કે હૃદયની બાયપાસ સર્જરી.... આવાં આવાં દર્દોને ગણકાર્યાં વગર સ્વામીશ્રી આદિવાસીઓનાં ઝૂંપડાઓ સુધી પંદર હજાર કરતાંય વધુ ગામડાંઓમાં વીજળીની ત્વરાથી ઘૂમી વળ્યા છે. ૧૯૮૫માં શરીરમાં તાવ હતો એવી પરિસ્થિતિમાં કાનમમાં એમણે ૨૦ દિવસમાં ૯૫ ગામોમાં વિચરણ કર્યું. રોજની ઊભા ઊભા ૩૦ થી ૪૦ પધરામણીઓ થઈ જતી, વાસદમાં નિર્જળા એકાદશીના ઉપવાસમાં, ૧૦૨ ડિગ્રી તાવમાં પણ સવારથી બપોરના સાડા ત્રણ વાગ્યા સુધી અણથક રહીને ૧૨૧ પધરામણીઓ કરી હતી ! મહીકાઠાંનાં કોતરોમાં બદલપુર વિસ્તારમાં બબ્બે કિલોમીટર ચાલીને છાપરે છાપરે સવારથી તે સાંજ સુધી ફરતા. બામણગામના ટેકરાઓ ઉપર વસેલાં છાપરાંઓની પધરામણીઓમાં તો જુવાનીયાઓય હાંફી જાય. સ્વામીશ્રી ત્યાં પણ ટેકરે ટેકરે જઈ એ લોકોને રાજી કરે. તળાવનાં ડહોળાં પાણી પીને ધોમધખતા તાપમાં ભાલ પ્રદેશની ઝીણી ધૂળમાં મહિનો મહિનો તેમણે વર્ષો સુધી વિચરણ કર્યું છે. ભારે પ્રતિકૂળ સંજોગો હોય, કુદરતી આફતનો કોપ હોય કે સમયની તીવ્ર ખેંચ હોય તેવા પ્રસંગોએ પણ સ્વામીશ્રી ઘરોઘર ઘૂમ્યા છે. ક્યારેક કોઈનું ભાંગતું મન સાચવવા પીરસાયેલો થાળ પાછો ઠેલીને ભર બપોરે અઢી વાગ્યા પછી પણ સ્વામીશ્રી ફરીથી પધરામણીએ ગયા છે.

૪. **પ્રાર્થનામાં પ્રમુખસ્વામી મહારાજની શ્રદ્ધા (૫૪-૫૫) (યુગવિભૂતિ)**

લંડનમાં રાત્રે અઢી વાગે ઊઠીને સ્વામીશ્રી સ્વામિનારાયણ મહામંત્ર રટતા હતા. સેવકસંતે પૂછયું બાપા ! પોઢવું નથી ? શાની પ્રાર્થના-ધૂન કરો છો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'ભારતમાં દુકાળ છે, તેથી વરસાદ વરસે તે માટે પ્રાર્થના કરું છું, જેથી સુકાળ થાય ને માણસ અને પશુઓ સુખી થાય. ત્યારે સેવકસંતે કહ્યું આવી પ્રાર્થના ક્યારે કરો છો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'ઘણીવાર રાત્રે પ્રાર્થના કરું છું. જે લોકો દિવસ દરમ્યાન મારી પાસે પ્રશ્નો લઈને આવે છે. તેમના માટે પરહિત માટે મધરાતે જાગીને પ્રાર્થના કરનાર મહાપુરુષને સેવકસંત નીરખતા રહ્યા. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સમયે ગુજરાતમાં ચાલતા અનામત આંદોલનના ઉકેલ માટે પત્રકારોએ પ્રશ્ન પૂછતાં સ્વામીશ્રીએ કહ્યું 'અમે પ્રાર્થના કરી છે, જેથી શાંતિ થાય.' તેમના બોલવામાં શ્રદ્ધાનો રણકાર હતો. રાત્રે મુખ્ય ઉત્સવ સભામાં ભગવાનને પ્રાર્થના કરતાં તેમણે કહ્યું 'સમગ્ર ગુજરાતમાં શાંતિ થાય. રાજનેતા ને વિદ્યાર્થીઓ પણ સમાધાન કરે તેવી ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. એમ કહી ગુજરાતની જનતાને પણ શાંતિ માટે અપીલ કરી.

**પ્રશ્ન.૧૨  નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.  (કુલ ગુણ : ૫)**  **☞ નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શિવલાલ શેઠ સાંખડાવદરના બીડમાં જતા ત્યારે ફોતરાં સોતી કાળી અડદની દાળ ને રોટલો જમી લેતાં. (૭/૬૮) **(સ.વા. ૩)**
૨. રઘુવીરજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી અચિંત્યાનંદ બ્રહ્મચારીને હરિલીલાકલ્પતરુ ગ્રંથ રચવા આજ્ઞા કરી. (૪/૪૪) **(સ.વા. ૩)**
૩. મહારાજની ધર્મપુરથી વિદાય પછી પંદરમે દિવસે કુશળકુંવરબાએ દેહત્યાગ કર્યો. (૫/૫૫) **(સ.વા. ૩)**
૪. પ્રમુખસ્વામીનો જન્મ ચાણસદમાં સંવત ૧૯૭૮ના માગશર સુદ આઠમ (તા. ૭-૧૨-૧૯૨૧) ના રોજ થયો હતો. (૮) **(યુગવિભૂતિ)**
૫. ભગવાન ભજશે અને તેમના નિયમ પાળશે તો ભવિષ્ય સારું જ છે. (૫૬) **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૩  આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૩/૩૭, ૩૪) **(સ.વા. ૩)**,    ૨. ૧, ૩ (૧/૭) **(સ.વા. ૩)**
૩. ૨, ૩ (૨૩, ૩૩) **(યુગવિભૂતિ)**    ૪. ૧, ૩ (૪૧, ૪૭) **(યુગવિભૂતિ)**

**વિભાગ : - ૩ સામાન્યજ્ઞાન નિબંધ**

**પ્ર.૧૪  નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય સિદ્ધાંત :** ૧. કોઈપણ સંસ્થા પાસે શાસ્ત્ર, સિદ્ધાંત અને તે પ્રમાણે પ્રવર્તન કરનાર સત્પુરુષની આવશ્યકતા અને આ ત્રણેનો સંગમ-ત્રિવેણી સંગમ હોય તે સંસ્થા જ પ્રગતિનાં સોપાન સર કરી શકે. ૨. B.A.P.S.ની પ્રગતિનું

રહસ્ય - સંસ્થા પાસે શાસ્ત્રો, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજ જેવા સમર્થ સત્પુરુષો સાથે સાથે સિદ્ધાંત - આ સિદ્ધાંતનું પ્રવર્તન કરનાર ગુરુ પરંપરા ૩. રાષ્ટ્રમાં અને વિશ્વમાં અનેક સંસ્થાઓ છે કે જેની પાસે શાસ્ત્ર છે, સમર્થ સંતો છે પણ જે સંસ્થા પાસે સિદ્ધાંત નથી તે સંસ્થાઓના વિકાસમાં અવરોધ અને સંસ્થાઓમાં ભંગાણ - દૃષ્ટાંતો. ૪. B.A.P.S.નો સિદ્ધાંત 'અક્ષરરૂપ થવું અને પુરુષોત્તમમાં જોડાવું' - આ સિદ્ધાંતને વરેલી આ સંસ્થાના સંતો, કાર્યકરો, હરિભક્તો દ્વારા આ સિદ્ધાંતનું પ્રવર્તન - આપણા ગુરુ આ સિદ્ધાંતના પાલન માટે દૃઢ આગ્રહી - તેમાં ગુરુ દ્વારા લેશમાત્ર બાંધછોડ કે છૂટછાટ નહિ - અને હરિભક્તોમાં પણ આ સિદ્ધાંતના પાલન માટે આગ્રહ (પ્રસંગો) ૫. એક જ સંસ્થાને વરેલી સંસ્થાનો ઝડપથી વિકાસ થાય કારણ સિદ્ધાંત જ મુખ્ય તે મુજબ જ તેનું પ્રવર્તન પણ મુખ્ય ધ્યેય (પ્રસંગો) ઉત્સવ, સમૈયા, કથા-વાર્તામાં, ગુરુના પ્રવચનોમાં પણ આ સિદ્ધાંતને સમર્થન (પ્રસંગો) ૬. આમ B.A.P.S.ની પ્રગતિનું રહસ્ય 'સિદ્ધાંત' - તેથી જ આ સંસ્થા શતાબ્દી ઊજવીને પ્રગતિની આગેકૂચ કરી રહી છે. ૭. ઉપસંહાર

**૨. ગુરુની આવશ્યકતા અને મહત્તા : ૧.** હિંદુ સંસ્કૃતિમાં ગુરુની આવશ્યકતા અનેક ગણી - કારણ સાચા ગુરુ ભગવાનની ઓળખાણ કરાવે - ભગવાનના માર્ગે લઈ જાય - શિષ્યના હિતરક્ષક. **૨.** હિંદુ સંસ્કૃતિમાં ગુરુની મહત્તા પણ વિશેષ - ગુરુ એ બ્રહ્મા છે. તમે તેવા જડ પ્રકૃતિના મનુષ્યને ચેતન એટલે કે ભગવાનનો ભક્ત બનાવે - જીવન પરિવર્તન કરાવી દે તે અર્થમાં ગુરુ એ બ્રહ્મા છે, નવજીવન આપે છે. **૩.** ગુરુ વિષ્ણુ તુલ્ય - એટલે વિષ્ણુનું કામ કરે એટલે કે શિષ્યનું પોષણ કરે - શિષ્યની ભક્તિ, શરણાગતિ, નિયમ-ધર્મના પોષક - ખોટે માર્ગે જતા રોકે (પ્રસંગો) - કીર્તન- ભગવાનના માર્ગે ચલાવે - જીવના પોષક **૪.** ગુરુ એ મહેશ એટલે કે શિવજીની સાથે તુલના - શિવજી પ્રલયના દેવતા - એટલે કે શિષ્યના હૃદયની વાસના, દોષો, પ્રકૃતિ સ્વભાવોને બાળી દેનારા, નાશ કરનારા - પ્રસંગો, સાખી વગેરે. **૫.** ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ એટલે સાક્ષાત્ ભગવાન - ભગવાનની શરણાગતિ જેવી ગુરુની શરણાગતિ સ્વીકારવાની આવશ્યકતા - ભગવાન જેવો ગુરુનો મહિમા સમજીને ભક્તિ કરવી - આ જ ગુરુની મહત્તા. **૬.** પોતાના શિષ્યોના, આશ્રિતોના પ્રારબ્ધમાં જે સુખ ન હોય તેનું સુખ શિષ્યને માટે હિતકારી હોય તેવું સુખ ગુરુ ભગવાન પાસે પ્રાર્થના કરીને અપાવે - ભગવાન આવા સંતને, ગુરુને વશ, તેથી ભગવાન પણ આવા ગુરુની પ્રાર્થના સાંભળે (પ્રસંગો) **૭.** ક્યારેક ભગવાન કરતાં પણ ભક્ત ગુરુને વિશેષપણે યાદ કરે - ગુરુ ગોવિંદ .... દિયો બતાય કારણ ગુરુ જ ભગવાનના માર્ગે લઈ જાય - ગુરુ ભક્તિના પ્રગટના પરોક્ષના પ્રસંગો, કીર્તનો, ઇષ્ટદેવનાં ગુરુ પરંપરાના વિધાનો - ઉપસંહાર

**૩. જીવનમાં એકાંતિકધર્મનું પોષક - 'જીવનચરિત્રનું વાંચન' :- ૧.** શ્રીજીમહારાજના મુખે ભગવાન અને સંતનાં લીલાચરિત્ર જીવનચરિત્રોનો મહિમા - જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ થાય તો અક્ષરધામની પ્રાપ્તિ - માટે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો આવશ્યક - એકાંતિક ધર્મના ચાર અંગો - ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય અને ભક્તિ. **૨.** ભગવાન અને સંતના જીવનચરિત્રોનું વાંચન કરવાથી નિયમ-ધર્મની દૃઢતા થાય - અધર્મના માર્ગેથી પાછું વળાય - ધર્મ- નિયમની દૃઢતાના પ્રસંગો - સંતોના જીવન ચરિત્રોમાંથી જાણવા મળે - જેના લીધે આપણને પ્રેરણા મળે - આપણું જીવન ધર્મમય બને. **૩.** જ્ઞાનઃ ભગવાન અને સંતના જીવન ચરિત્રો અને પ્રસંગોમાંથી જ્ઞાન પ્રાપ્ત થાય - આત્મા - પરમાત્માનું જ્ઞાન - દેહ નાશવંત છે તેવું જ્ઞાન (પ્રસંગો) માન-અપમાનમાં સ્થિરતા રહે - મુશ્કેલીના સમયમાં ટકી રહેવાય તેવું જ્ઞાન. **૪.** વૈરાગ્ય : આ દેહ નાશવંત છે. સંસાર દુઃખરૂપ છે, અસાર છે. ભગવાન અને સંતને સત્સંગ સત્ય છે. મોક્ષમાર્ગમાં વિષયો, સ્વભાવ, પ્રકૃતિ એ વિઘ્ન છે. એવું અનુસંધાન જીવનચરિત્રો વાંચવાથી વૈરાગ્યના પ્રસંગો સાંભળવાથી રહે - પ્રસંગો. **૫.** ભક્તિ : મહિમાએ સહિત ભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિ, દાસત્વ ભક્તિ, ભગવાન તથા સંતનો આશરો ભક્તિ કરવાથી દૃઢ થાય - ભવસાગર તરવા માટે પ્રગટની ભક્તિ - પ્રગટની ઉપાસના - આ બધું જ્ઞાન આપણને જીવનચરિત્રો વાંચવાથી મળે. **૬.** માટે જીવનચરિત્રોનું વાંચન કરવાથી એકાંતિક ધર્મનું પોષણ થાય - ઉપસંહાર.

❑ ❑ ❑